GOVERMENT OF GUJARAT

Narmada, Water Resources, Water Supply &Kalpsar Department, Sachivalaya, Gandhinagar

Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act-2013(Act No30 of2013)

**District : Ahmedabad Taluka: Mandal Village: Vasna Case No.23/2018**

**No:AKN/K-11(1)/Pra.Jahernamu/Vasna/23/2018/S.R.NO.452, Date: 31/08/2021**

In exercise of the powers conferred the Right to Fair Compensation and Transparency in Land Acquisition Rehabilitation and Resettlement Act-2013 (30 of 2013), it seems to the Additional Collector (Narmada) Ahmedabad (empowered Under section-3(G) of the Right to Fair Compensation and Transparency in Land Acquisition and Resettlement Act-2013 (30 of 2013) by State Government (Narmada, Water Resources,Water Supply &Kalpsar Department letter **No.LAQ/2020/Ahmedabad/ 128/98/M, Date:03/06/2021**) thatthere is possibillity that the land notified in the schedule appended here with will be required for public purpose on account of the construction of Vasna Minor of Mandal Distributary Canal of Narmada Project.

1. It is hereby declared under the provisions of Section-11(1) of the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act-2013 (30th of 2013) that there is possibility that the aforesaid lands will be required for the notified purpose.
2. All the persons interested in the said lands are hereby warned that not to obstruct or interfere with any surveyers or any other persons employed upon the said land for the said purpose of acquisition. After the date of this notification, the Office assessing the compensation for the portions of said land which may finally be acquired shall not take any agreement in respect of sale, lease, mortgage, mutation, exchange or disposal of the said land or modification into consideration under Section-22 of the said Act without approval of the Collector.
3. If the State Government satisfies that the aforesaid land are required for the aforesaid public Purpose, then the final notification to that effect shall be published in accordance with law in due course under Sectin-19 of the said Act. If the acquisition is Waived partly or fully, then such fact shall be published properly in accordance with law.
4. Under Section-3(G) of the Right to Fair Compensation and Transparency in land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30th 2013), The State government appoints the **Deputy Collector and Special Land Acquisition Officer, NarmadaYojana, Ahmedabad** perform the functions of the Collector in respect of the said lands.
5. A plan of the land may be inspected in the Office of the Deputy Collector and Special Land Acquisition Officer, Narmada Yojana, Ahmedabad On any working day during the working hours.
6. Objection to the acquisition, if any, may be filed by the person interested within 60 (Sixty)days from the date of publication of this notification as provided under Section - 15 of the act before the Deputy Collector and Special Land Acquisition Officer, Narmada Yojana, C-3, Narmada Colony, Ground Floor, Opp. Karnavati Club, Beside Heaven Park, Sarkhej-Gandhinagar Highway, Vejalpur, Ahmedabad-380015.

# SCHEDULE

Case No: 23/2018

Date : 31/08/2021

District: Ahmedabad Taluka: Mandal Village: Vasna

| Survey No | Approximate area of the lands required (H.Are.Sq.M.) | Public purpose for which the lands are required |
|---|---|---|
| 16 | 0.10.30 | Under SardarSarovar Narmada Nigam Limited. The Construction for Vasna Minor of Mandal Distributary Canal of Narmada Project |
| 83 | 0.18.70 | |
| Total : 02 | 0.29.00 | |

By Order and in the name of the Governor of Gujarat

(Dr.B.S.Prajapati)

Additional Collector (Narmada)

Ahmedabad

ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જાહેરનામુ

જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શીતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

**જિલ્લો : અમદાવાદ તાલુકો : માંડલ ગામ : વાસણા કેસ નંબર: ૨૩/૨૦૧૮**

**ક્રમાક:અકન/કલમ-૧૧(૧)/પ્રા.જાહેરનામું/વાસણા/૨૩/૨૦૧૮/એસ.આર.નં.૪૫૨, તા.: ૩૧/૦૮/૨૦૨૧**

અધિક કલેકટર (નર્મદા), ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની ક્ચેરી અમદાવાદને જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શીતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે (ગુજરાત સરકારના નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાધીનગરના **તા.૦૩/૦૬/૨૦૨૧ ના પત્ર ક્રમાંક : જ.સં/૨૦૨૦/અમદાવાદ/૧૨૮/૯૮/મ)** થી મળેલ સત્તાની રૂએ એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની નર્મદા યોજનાની **માંડલ ડિસ્ટ્રીબ્યુટરીની વાસણા માઇનોર** નહેરના બાંધકામ કારણસર જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા નો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) ની કલમ-૧૧(૧) ની જોગવાઇઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહું જમીનની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહું સંપાદનના હેતુ સારૂ સદરહું જમીનમાં કોઇ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય ધ્વારા અથવા સદરહું જમીનોના નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઇ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમની કલમ-૨૭ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહું જમીનોની ઉપર્યુકત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહું અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામુ યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશત: કે પુર્ણત: જતુ કર્યુ હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા નો અધિકાર અધિનિયમ-૨૦૧૩(૨૦૧૩નો ૩૦મો) ની કલમ-૩(જી) હેઠળ સદરહું જમીનોના સબંધમાં કલેકટરના કાર્યો બજાવવા માટે રાજય સરકાર નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના, સી-૩, નર્મદા વસાહત, ગ્રાઉન્ડ ફ્લોર, કર્ણાવતી કલબ સામે, હેવન પાર્કની બાજુમાં, સરખેજ-ગાંધીનગર હાઇવે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ ને ઉકત અધિનિયંમની જોગવાઇ હેઠળ ઉકત જમીનો સંબંધમાં નીમે છે.

૫. જમીનના પ્લાનનું નિરીક્ષણ નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારી, નર્મદા યોજના, અમદાવાદની કચેરીએ કામકાજના કોઇપણ દિવસે કચેરી સમય દરમ્યાન કરી શકાશે.

૬. સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઇ, વાંધાઓ હોય તો આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી ૬૦(સાંઇઠ) દિવસમાં કલમ-૧૫ ની જોગવાઇઓ મુજબ નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી, નર્મદા યોજના, સી-૩, નર્મદા વસાહત, ગ્રાઉન્ડ ફ્લોર, કર્ણાવતી કલબ સામે, હેવન પાર્કની બાજુમાં, સરખેજ-ગાંધીનગર હાઇવે, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫ ને રજુ કરવાના રહેશે.

-: અનુસૂચિ :-

કેસ નંબર : ૨૩/૨૦૧૮

તારીખ : ૩૧ / ૦૮ / ૨૦૨૧

જીલ્લો: અમદાવાદ    તાલુકો: માંડલ    મોજે : વાસણા

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ (હે. આરે. ચો.મી.) | જે જાહેર હેતુ માટે જમીનની જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૧૬ | ૦.૧૦.૩૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની માંડલ ડિસ્ટ્રીબ્યુટરીની વાસણા માઇનોર નહેરના બાંધકામ માટે. |
| ૮૩ | ૦.૧૮.૭૦ | |
| કુલ : ૦૨ | ૦.૨૯.૦૦ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડૉ.બી.એસ.પ્રજાપતિ )

અધિક કલેક્ટર(નર્મદા)

અમદાવાદ